# ૧૨ જુલાઇ – ૨૦૧૬ (મંગળવાર)

**(૧) વડાપ્રધાન નરેન્દ્ર મોદી આફ્રિકન દેશના પ્રવાસે :**

– તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાંચ દિવસ માટે ચાર આફ્રિકન દેશ મોઝામ્બિક, સાઉથ આફ્રિકા, તાન્ઝાનિયા અને કેન્યાના પ્રવાસે ગયા હતા.

– **મોઝામ્બિક :**

– આ પ્રવાસના પ્રથમ ચરણમાં તેઓ મોઝામ્બિકની રાજધાની મપૂતો પહોંચ્યા હતા.

– તેમાણે મોઝામ્બિકધના રાષ્ટ્રપતિ ફિલિય ન્યુસી સાથે મળીને વિવિધ મુદ્દે ચર્ચા કરી ત્રણ સમજૂતી ઉપર હસ્તાક્ષર કર્યા હતા.

– આ ત્રણ કરાર પૈકી સૌથી મહત્વનો કરાર ભારત મોઝામ્બિક પાસેઢથી દાળ ખરીદશે જેના થકી ભારતમાં વધી રહેલા દાળના ભાવમાં અંકુશ આવશે.

– મોઝામ્બિકના સુરક્ષા દળોને મજબુત બનાવવામાં અઇડ્સ અને અન્ય બિમારીની દવાઓમાં ભારત મદદ કરશે.

**દક્ષિણ આફ્રિકા :**

– મોઝામ્બિકની મુલાકાત બાદ વડાપ્રધાન દક્ષિણ આફ્રિકાના બે દિવસના પ્રવાસે પહોંચ્યા.

– વડાપ્રધાને જોહાનિસબર્ગ ખાતે ઓલ્ડ ફોર્ટ પ્રિઝન કોમ્પ્લેક્સની મુલાકાત લીધી હતી. વર્ષ ૧૯૦૬માં રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીને આ જેલમાં રાખવામાં આવ્યા હતા.

– સાઉથ આફ્રિકાના રાષ્ટ્રપતિ નેલ્સન મંડેલાને પણ અહીં કેદ કરવામાં આવ્યા હતા.

– ભારત–દક્ષિણ આફ્રિકા વચ્ચે ઇન્ફર્મેશન કોમ્યુનીકેશન ટેકનોલોજી, ટુરીઝમ, આર્ટ એન્ડ કલ્ચર તેમજ બંને દેશ વચ્ચે ગ્રાસરૂટ ઇનોવેશન જેવા વિવિધ ચાર કરાર થયાં.

– જોહાનિસબર્ગમાં મોદીએ ૧૫ હજાર ભારતીયોને સંબોધન કર્યું હતું. તથા તેમણે ભારતીયોને HOPE નો મંત્ર આપ્યો હતો.

– H એટલે ધર્મની એટલે સમરસતા
O એટલે ઓપ્ટમિ એટલે કે આશાવાદ
P એટલે પોટેન્શિયલ એટલે કે પ્રતિભા અને
E એટલે એનર્જી એટલે કે ઉર્જાને કારણે ભારતનો વિકાસ થયો છે.

– જે ટ્રેનમાં ૧૮૯૩માં મહાત્માગાંધીને ઉતારી દેવાયા હતા તે ટ્રેનમાં મોદીએ ડર્બનથી પીટરમેરીટ્સબર્ગ સુધીનો પ્રવાસ કર્યો હતો.

– દ.આફ્રિકાના રાષ્ટ્રપતિ – જેકબ જુમા

**તાન્ઝાનિયા :**

– સાઉથ આફ્રિકા બાદ તેમના પ્રવાસના ત્રીજા ચરણમાં તાન્ઝાનિયાની મુલાકાત લીધી.

– ભારત તાન્ઝાનિયાને રૂા. ૬૧૮ કરોડની લોન આપશે.

– તાન્ઝાનિયાના પ્રમુખ જહોન પોમ્બે જોસેફ માગુફૂલીએ મોદી સાથે ઢોલ વગાડ્યો હતો.

– ભારત અને તાન્ઝાનિયા વચ્ચે ઝાંઝીબાર જળ સપ્લાય સિસ્ટમ, વોટર રિસોર્સ મેનેજમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ, લઘુ ઉદ્યોગો વિકસાવવા જેવા પાંચ મહત્વના કરાર થયા.

– ભારત સરકાર સૌર ઉર્જાની મદદથી તાન્ઝાનિયાના અંતરિયાળ ગામોમાં વિજળી પહોંચાડી રહી છે, આ ઉપરાંત ભારતની મદદથી ત્યાં મધમાખી ઉછેર અને સિલાઇ મશીનના પણ કેન્દ્રો ચાલે છે.

**કેન્યા :**

– ચાર આફ્રિકી દેશોના પ્રવાસના અંતિમ ચરણમાં મોટી કેન્યા પહોંચ્યા હતા.

– બંને દેશ વચ્ચે સંરક્ષણ, હાઉસિંગ ડેવલપમેન્ટ, બેવડો કર અવગણવા અને નાણાકીય ધોવાણ અટકાવવાના ક્ષેત્રે કરાર થયા.

– ભારત કેન્યામાં કેન્સર હોસ્પિટલને નાણાકીય સહાય આપશે જેમાં ભારત તરફથી ૩૦ એમ્બ્યુલન્સ અને ટેલિકોબાલ્ટ કેન્સર થેરપી મશીન ભેટમાં આપવામાં આવશે.

– તેમજ ભારત કેન્યાના વધુ ઉદ્યોગો માટે રૂા. ૩૦૨ કરોડની લોન આપશે.

**(૨) યુરોકપ –ફૂટબોલ :**

– ૯૫ વર્ષના ઇતિહાસમાં પોર્ટુગલ પ્રથમ વખત ચેમ્પિયન બન્યું.

– યજમાન ફ્રાંસને ૧–૦ થી હરાવી પોર્ટુગલ ચેમ્પિયન બન્યું.

– ફાઇનલ મેચમાં એક્સ્ટ્રા ટાઇમમાં પોર્ટુગલના એડર લોપેસે ગોલ કરી પોર્ટુગલની ટ્રોફી અપાવી હતી.

– ફ્રાંસના ખેલાડી અન્યોની ગિઝમેને ટુર્નામેન્ટમાં સર્વાધિક ૬ ગોલ ફટકારી ગોલ્ડન બુટનો એવોર્ડ મેળવ્યો હતો.

– તથા ફ્રાંસ ટૂર્નામેન્ટમાં ૧૩ ગોલ કરી ટોંચ ઉપર રહી હતી.

**(૩) સુપર સુખોઇ ફાઇટર જેટ :**

– ભારતીય હવાઇદળમાં હવે ટુંક સમયમાં સુપર સુખોઇ ફાઇટર જેટ સામેલ થશે.

– રશિયા સાથે મળી ભારત ૫ મી પેટ્રી માટે ફાઇટર પ્લેન અને સુખોઇ જેટ (૩૦ એમ કે આઇ) ને સુપર સુખોઇમાં બદલવા કરાર કરશે.

**(૪) દારાસિંહ :**

– 'રૂસ્તમે હિંદ' ના ખિતાબથી નવાજવામાં આવેલા ભારતીય કુસ્તબાજ અભિનેતા દારાસિંહનું આજના દિવસે અવસાન થયું હતું. (૧૨ જુલાઇ, ૨૦૧૨)

- તેમણે કુસ્તીમાં ૧૯૫૪માં કોમનવેલ્થ અને ૧૯૬૮માં વિશ્વ ચેમ્પિયનશીપનો ખિતાબ પોતાના નામે કર્યો હતો.
- તેમની પ્રથમ ફિલ્મ : 'સંગદિલ'
- તેમની પ્રખ્યાત ફિલ્મો : વતન સે દુર, દાદા રુસ્તમે બગદાદ, શેરદિલ, સિંકદર આઝમ, રાકા
- મોહાલી ખાતે તેમનું 'દારા સ્ટુડીયા' છે.

પ્રશ્નો :

(૧) જુલાઇ–૨૦૧૬ માં વડાપ્રધાન નરેન્દ્રમોદીએ કેટલા દેશનો પ્રવાસ કર્યો ? ક્યાં – ક્યાં ?

- ચાર (૧) મોઝામ્બિક
  (૨) સાઉથ આફ્રિકા
  (૩) તાન્ઝાનિયા
  (૪) કેન્યા

(૨) મોઝામ્બિકના રાષ્ટ્રપતિ ... ?

- ફિલિપ ન્યુસી

(૩) આગામી સમયમાં ભારત ક્યાં દેશપાસેથી દાળની આયાત કરશે ?

- મોઝામ્બિક

(૪) તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાઉથ આફ્રિકામાં કઇ જેલની મુલાકાત લીધી જ્યાં ૧૯૦૬માં મહાત્મા ગાંધીને રાખવામાં આવ્યા હતા ?

- ઓલ્ડ ફોર્ટ પ્રિઝન કોમ્પ્લેક્સ, જોહાનિસબર્ગ

(૫) જોહાનિસબર્ગમાં ભારતીયોને સંબોધતા વડાપ્રધાન મોદીએ કયો મંત્ર આપ્યો હતો.

- HOPE

(૬) જે સ્ટેશને મહાત્માગાંધીને ઉતારી દેવાયા હતા, સાઉથ આફ્રિકાના એ રેલ્વે સ્ટેશનનું નામ જણાવો.

- પીટરમેરીટ્સબર્ગ

(૭) દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ

- જેકલ જુમા

(૮) ભારત–તાન્ઝાનિયા વચ્ચે જળ સપ્લાય માટે કયો મહત્વનો કરાર થયો ?

- ઝાંઝીબાર જળ સપ્લાય સિસ્ટમ

(૯) તાન્ઝાનિયાના પ્રમુખ... ?

- જહૉન પોમ્બે જોસેફ માગુફૂલી

(૧૦) ભારત સરકાર કેન્યાના લઘુ ઉદ્યોગ માટે કેટલી સહાય આપશે ?

- ૩૦૨ કરોડ

(૧૧) યુરોકપ (ફૂટબોલ) –૨૦૧૬ વિજેતા ટીમ ?

- પોર્ટુગલ

(૧૨) યુરોકપની ફાઇનલમેચમાં પોર્ટુગલના ક્યાં ખેલાડી એકમાત્ર ગોલ કરી ટીમને જીત અપાવી ?

- અંડર લોપેસ

(૧૩) યુરોકપ ટૂર્નામેન્ટમાં કયાં ખેલાડીઓ સર્વાધિક ગોલ કર્યા હતા. ?

- એન્ટોની ગ્રીઝમેન, ફ્રાંસ

(૧૪) અગામી સમયમાં ભારત ક્યાં દેશની મદદથી સુપર સુખોઇ ફાઇટર જેટ બનાવશે ?

- રશિયા

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧